| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


તા.૦૩/૧૧/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૮૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૫૦ લીટર દેશી દારૂ, ૫૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન,૦૧ મોટર સાયકલ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૮૦૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી:- સમાચાર યાદી નં.૧૮૦૫/૨૦૨૩

**એરપોર્ટ**: ભુપેશ સ/ઓ ચંદ્રસેન નરસિંધાણી (ઉ.વ.૪૫)(રહે.શીવમ કલાસે, ત્રીલોક બંગ્લોઝની સામે, લાડ સોસાયટી રોડ, બોડકદેવ) એ તા.૦૨/૧૧/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રિલ/૨૦૧૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઉન્નતિ ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ. સોસાયટી લિમિટેડ કંપની, ૮૦૨/ડી, અલ કરીમ ટ્રેડ સેન્ટર, રાણીગંજ, સિકંરાબાદ, તેલગંણાના ડાયરેકટર રમેશ પરતાની તથા વાઇઝ પ્રેસીડન્ટ વિકાસ પરતાની (બંને રહે.હૈદરાબાદ જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગામળી ભુપેશ નરસિંધાણીની કંપનીમાથી માલ ખરીદવાની લાલચ આપી, તેમની C.R.LAMINATION કંપની તેમજ ભુપેશભાઇના પિતા ની C.R.WROUGHT IRON FURNITURE AND FABRICATION કંપનીમાંથી “F TYPE” ઇલેકટ્રીકલ ટ્રાંસફર્મર લેમીનેશનનો માલ ઓર્ડર મુજબ મંગાવી લઇ, ઓર્ડર મુજબના માલના બાકી નિકળતા કુલ રૂપિયા ૨૭,૪૬,૭૬૯/- આજદિન સુધી નહી ચુકવી ભુપેશભાઇ નરસિંધાણી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૬/૨૦૨૩**

**ચાંદખેડાઃ** દેવેન્દ્રસિંહ હિમતસિંહ ડાભી (ઉ.વ.૩૦)(રહે.શિવાલય એપાર્ટમેંટ સોલા રોડ નારણપુરા) એ તા.૦૨/૧૧/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૩ રાતના ૮/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા હાઈ-વે ઉપર આવેલ ખેતલાઆપા ટી-સ્ટોલ આગળ પાર્ક કરેલ પોતાની કાર નંબર જીજે.૧૮.બીઇ.૫૧૮૮ નો ડ્રાઇવર સાઇડનો પાછળનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી કાળા રંગની બેગ ચોરી કરી લઇ ગઇ હતી જે બેગમાં ૫૦૦ અમેરીકન ડોલર અને અગત્યના દસ્તાવેજો મુકેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૭/૨૦૨૩**

**શહેરકોટડાઃ** નંદકિશોર નેપાલસિંગ બઘેલ (ઉ.વ.૩૪)(રહે.અનીલ વકીલની ચાલી નંબર-૦૫ રચના સ્કુલ રોડ, સરસ્વતી કિરણા સ્ટોરની બાજુમા, પ્રેમનગર મેમ્કો, નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠીસિંહ કેસરીસિંહ ચલાવે છે.

**નરોડાઃ** નરોડા જી.આઇ.ડી.સી પાણીની ટાંકી પાસે ફેઝ-૦૪ પ્લોટ નં-૪૦૨/૪૦૩ શ્યામ ઇંડસ્ટ્રીઝ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા ધીરજ દેવેન્દ્ર કાપર (ઉ.વ.૩૩)(મૂળ વતનઃ- ગામ:જીતબારીયા થાના:કલ્યાણપુર જી:સમસ્તીપુરા બિહાર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે શ્યામ ઇન્ડસ્ટ્રીઝ ખાતે પોતાની રૂમમા સેલફોસ પાવડર પાણીમા નાંખી પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**દાણીલીમડાઃ** સુરેન્દ્રસિંહ પદમસિંહ (ઉ.વ.૩૦)(રહે.મુળ ગામ વાણ તા.જી. ચમોલી ઉતરાખંડ) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૩ સાંજના ૫/૫૦ વાગ્યાના સુમારે મ્યુનીસીપાલીટી ની જગ્યામાં ૧૦૦ મીટર જેટલા અંદર કણજરીના ઝાડની ડાળીએ નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી